# ટી ટેસ્ટર

ટી ટેસ્ટર એ એક પ્રશિક્ષિત વ્યક્તિ છે જે ચાના ચોક્કસ નમૂનાની ગુણવત્તા નક્કી કરવા માટે જવાબદાર છે. ટી ટેસ્ટરનું કામ ફક્ત ચાની ગુણવત્તા પારખવા પુરતું સિમિત નથી, પરંતુ તે વિવિધ પ્રકારની ચા વચ્ચેનો તફાવત જણાવવા માટે પણ જવાબદાર છે.

## વ્યક્તિગત નિપુણતા

- તમે વિગતો પર ધ્યાન આપો
- તમે સ્વતંત્ર રીતે કામ કરવામાં સક્ષમ છો
- તમને વસ્તુઓ એકત્ર રાખવાનું અથવા વસ્તુઓને એસેમ્બલ કરવાનું પસંદ છે



ફી

આ અભ્યાસક્રમની ફી આશરે રૂ. ૨૪,૦૦૦ થી ૧,૦૦,૦૦૦* જેટલી હોય છે.

*આ અંદાજિત રકમ છે અને વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ મુજબ તેમાં ફેરફાર હોય શકે છે.

## શિષ્યવૃત્તિ

- **રાષ્ટ્રીય શિષ્યવૃત્તિ પોર્ટલ – www.scholarships.gov.in** ની મુલાકાત લો. આ પોર્ટલ હેઠળ કેન્દ્ર સરકારના વિવિધ વિભાગો, UGC/AICTE યોજનાઓ તેમજ રાજ્ય દ્વારા અમલમાં મુકવામાં આવેલી યોજનાઓ દ્વારા આપવામાં આવતી સહાય અંગેની માહિતી ઉપલબ્ધ છે.*
- ઉપલબ્ધ શિષ્યવૃત્તિની વિગતો માટે **digitalgujarat.gov.in** ની મુલાકાત લો. ધોરણ XI થી શરૂ થતી શિષ્યવૃત્તિ માટે આ એક પ્રવેશદ્વાર છે.*
- યોગ્યતાના આધારે સંસ્થાઓમાં પણ શિષ્યવૃત્તિ ઉપલબ્ધ છે.*

*(આ શિષ્યવૃત્તિની ઉપલબ્ધતા સમયાંતરે બદલાઈ શકે છે)

## લોન

- વિદ્યાલક્ષ્મી, **www.vidyalakshmi.co.in**, શૈક્ષણિક લોન મેળવવા માંગતા વિદ્યાર્થીઓ માટેનું એક પોર્ટલ છે. આ પોર્ટલ નાણાકીય સેવા વિભાગ, (નાણાં મંત્રાલય), ઉચ્ચ શિક્ષણ વિભાગ (શિક્ષણ મંત્રાલય) અને ઈન્ડિયન બેંક્સ એસોસિએશન (IBA)ના માર્ગદર્શન હેઠળ વિકસાવવામાં આવેલ છે.
- કેટલાક રાજ્યોમાં ઓછા વ્યાજ દરો સાથે વિદ્યાર્થી ક્રેડિટ કાર્ડ ઉપલબ્ધ છે, ઉદાહરણ તરીકે, પશ્ચિમ બંગાળ, ઓડિશા, બિહાર, વગેરે.
- તમામ બેંકો શૈક્ષણિક લોન આપે છે.

## પ્રવેશ માટે...

૧. વિજ્ઞાન પ્રવાહ (ભૌતિકશાસ્ત્ર, રસાયણશાસ્ત્ર, જીવવિજ્ઞાન)માં ધો. ૧૨ પૂર્ણ કરો.

૨. વનસ્પતિશાસ્ત્ર / હોર્ટિકલ્ચર / કૃષિ વિજ્ઞાન / ખાદ્ય વિજ્ઞાન અથવા અન્ય સંબંધિત વિષયમાં સ્નાતક(B.Sc)ની ડિગ્રી પ્રાપ્ત કરો. **અથવા**

સ્નાતકની ડિગ્રી પછી, સમાન અથવા સંબંધિત ક્ષેત્રમાં અનુસ્નાતક (M.Sc)ની ડિગ્રી મેળવો.

**અથવા**

સ્નાતકની ડિગ્રી મેળવ્યા બાદ, ટી ટેસ્ટીંગનો પ્રમાણપત્ર કોર્સ કરો.

કૃપા કરીને નોંધણી દરમિયાન અભ્યાસક્રમનો સમયગાળો તપાસો

## અપેક્ષિત આવક

* અહી આપેલ આંકડા ફક્ત સૂચક છે અને ફેરફારને પાત્ર છે

ટી ટેસ્ટરનું માસિક વેતન રૂ. ૨૨,૩૦૦ થી ૨,૦૦,૦૦૦* જેટલું હોય છે.

સ્ત્રોત: https://www.jobted.in/salary/sommelier/

## તમે ક્યાં કામ કરશો?

**કાર્યસ્થળ :** ચાના ઉત્પાદન સાથે સંકળાયેલી કંપનીઓ

**કાર્યસ્થળનું વાતાવરણ:** આ ડેસ્ક જોબ નથી. તમે ચા એસ્ટેટ કામદારોની ટીમની દેખરેખ રાખવાની જવાબદારી નિભાવી શકો છો. પાર્ટ ટાઈમ અને કરાર આધારિત નોકરીઓ ઉપલબ્ધ છે. કંપનીઓ સામાન્ય રીતે અઠવાડિયામાં ૬ થી ૭ દિવસ અને દરરોજ ૮ થી ૯ કલાક કામ કરે છે. કંપની મુજબ તેમાં ફેરફાર થઈ શકે છે.

આ ક્ષેત્રમાં દિવ્યાંગ લોકો માટે કામ કરવાની તકો ઉપલબ્ધ છે.

## અપેક્ષિત પ્રગતિ પથ

ટી પ્રોસેસિંગ વર્કર → ટી ટેસ્ટર → પ્લાન્ટેશન મેનેજર

**સર્ચ માટેના કીવર્ડ્સ ...**

ટી ટેસ્ટર, સ્પેશ્યલ ટી ટેસ્ટર

## તમે અભ્યાસ ક્યાં કરશો?

**ટી ટેસ્ટિંગના અભ્યાસક્રમો ઉપલબ્ધ કરાવતી સંસ્થાઓ નીચે મુજબ છે.** સંસ્થાઓની આ યાદી માત્ર સૂચક છે.

૧. બિરલા ઈન્સ્ટિટ્યુટ ઑફ ફ્યુચરિસ્ટિક સ્ટડીઝ, કોલકાતા
૨. દિપ્રસ ઈન્સ્ટિટ્યુટ ઑફ પ્રોફેશનલ સ્ટડીઝ, કોલકાતા
૩. ઈન્ડિયન ઈન્સ્ટીટ્યુટ ઓફ પ્લાન્ટેશન મેનેજમેન્ટ, બેંગ્લોર
૪. નોર્થ બંગાળ યુનિવર્સિટી, પશ્ચિમ બંગાળ
૫. એન.આઈ.ટી.એમ., પશ્ચિમ બંગાળ
૬. આસામ એગ્રીકલ્ચર યુનિવર્સિટી, આસામ
૭. ચૌ. શ્રવણ કુમાર કૃષિ વિશ્વવિદ્યાલય (સી.એસ.કે.એચ.પી.કે.વી.), હિમાચલ પ્રદેશ
૮. નોર્થ બંગા કૃષિ વિશ્વવિદ્યાલય, પશ્ચિમ બંગાળ
૯. તમિલનાડુ કૃષિ યુનિવર્સિટી (ટી.એન.એ.યુ.), તમિલનાડુ
૧૦. એશિયન સ્કૂલ ઓફ ટી, દાર્જિલિંગ

**ઓનલાઈન અભ્યાસક્રમો**

- www.ncs.gov.in
- https://anubandham.gujarat.gov.in
- mybharat.gov.in
- www.skillindiadigital.gov.in

મને સ્કેન કરો

વેબસાઈટ પર જુઓ



## સાફલ્ય ગાથા

**સ્નિગ્ધા મનચંદા,** ભારતના પ્રથમ પ્રમાણિત ટી સોમેલિયર, ટી ટેસ્ટર અને ટી કન્સલ્ટન્ટ છે. તેણીએ ૨૦૧૩માં પોતાની કંપની ટી ટ્રંકની સ્થાપના કરી. મનચંદાએ શ્રીલંકાની એક વ્યાવસાયિક ટી સ્કૂલમાંથી તાલીમ મેળવી, જ્યાં તેમણે જાપાની ચા માસ્ટર, નાઓ કુમેકાવાના માર્ગદર્શન હેઠળ અભ્યાસ કર્યો. શ્રીલંકાના અનુભવ બાદ તેમણે ધ સ્પેશિયાલિટી ટી ઈન્સ્ટિટ્યુટ, ન્યૂયોર્કમાં કામગીરી કરી, જ્યાં તેમણે સંમિશ્રણની કળા (આર્ટ ઓફ બ્લેન્ડિંગ)નો અભ્યાસ કર્યો. તેણીએ મુંબઈ યુનિવર્સિટીમાંથી માર્કેટિંગ, ગ્રામીણ માર્કેટિંગ, આંતરરાષ્ટ્રીય વેપાર, સંસ્થાકીય વિકાસ, માનવ સંસાધનમાં મેનેજમેન્ટ સ્ટડીઝ (બી.એમ.એસ.)માં સ્નાતક પણ કર્યું છે.*

સ્રોત: https://teatrunk.in/pages/about

ઉપરોક્ત માહિતી ફક્ત તાલીમ હેતુઓ માટે છે અને તેનો ઉપયોગ કોઈપણ વ્યાવસાયિક લાભ માટે કરવામાં આવશે નહીં.